सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૯/૦૭/૨૦૨૨ | | |
| નોંધણી તારીખ | ૨૯/૦૭/૨૦૨૨ | | |
| ફેસલ તારીખ | ૧૩/૦૬/૨૦૨૪ | | |
| **સમય ગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | **૦૧** | **૧૦** | **૧૫** |

# મે. નડીયાદના ત્રીજા એડીશનલ સિવિલ જજ (સુ.શ્રી પ્રિતી સગાર)સાહેબની કોર્ટમાં, તા.નડીયાદ, જી. ખેડા.

**વાદી :–**

**(૧) જશભાઈ મંગળભાઈ પટેલ**

ઉ.વ. ૬૨, ધંધો : ડ્રાઈવિંગ

**(૨) કૈલાશબેન મંગળભાઈ પટેલ**

ઉ.વ. ૬૩, ધંધો : ઘરકામ

બંને રહે. વખતપુરા રોડ, પટેલની ખડકી, મુ. ટુંડેલ, તા. નડીયાદ, જી. ખેડા.

**(૩) રમીલાબેન મંગળભાઈ પટેલ**

ઉ.વ. ૬૦, ધંધો : ઘરકામ,

રહે. મુ. કોલવડા, વેરાઈમાતા મંદિર પાસે, ગાંધીનગર.

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી :–**

**કૈલાસબેન છોટાભાઈ રાજપુત તે પ્રવીણભાઈ પટેલના પત્ની**

ઉ.વ. પુખ્ત, ધંધો : ગાયક કલાકાર,

રહે. સી/૧૦૨, પાણીની ટાંકી પાસે, યોગીનગર, મુ.તા. નડીયાદ, જી. ખેડા.

**દાવો :- પાર્ટીશન કરી, સંયુકત મિલ્કતમાંથી અલગ ભાગ મેળવવા માટેનો દાવો**

**વાદીઓ તરફે વિધ્વાન વકિલશ્રી ડી.બી. ભટ્ટ.**

**પ્રતિવાદીઓ તરફે – એકતરફી**

**-:: જજમેન્ટ ::-**

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના પ્રતિવાદી અને વાદીઓ વચ્ચે સૌતેલા ભાઈ બહેનના સંબંધો છે અને વાદીના પિતા મંગળભાઈ શનાભાઈ પટેલના પહેલા લગ્ન શાંતાબેન સાથે ગયેલા હતા જેઓને સંતાનમાં કૈલાસબેન, રમીલાબેન અને જશભાઈ હતા વાદીની માતૃશ્રીની હયાતીમાં તેઓના પિતાએ સવિતાબેનનામની યુવતી સાથે ગેરકાયદેસર રીતે લગ્ન કરેલ જેઓને તેઓના પિતાથી કોઈ સંતાન નથી. પરંતુ તેઓના અગાઉના લગ્ન જીવનથી કૈસાલબેન છોટાભાઈ રાજપુત એટલે કે આ કામના પ્રતિવાદી હતા. વાદીના પિતાની મોજે ગામ નડીયાદમાં સીટી સર્વે નં. ૩૨૧ જેનુ કુલ ક્ષેત્રફળ ૧ ૨૭.૭૮ ચો.મી. વાળી મિલકતમાં મકાન બનાવેલ છે જે શીવન સ્ટ્રીટ મેથોડીસ્ટ ચર્ચની પાછળ મીશન રોડ પર આવેલ છે જેના ચાર ખુંટ વર્ણન નીચે મુજબ છે.

પુર્વે તરફ : હીરાબાઈ જગજીવનદાસના વારસોની પડતર જમીન આવેલ છે.

પશ્ચિમે : રસ્તો આવેલ છે.

ઉત્તરે : મેથોડીસ્ટ ચર્ચની ખુલ્લી પડતર જમીન આવેલ છે.

દક્ષિણે : દાઉદભાઈ મોરારભાઈની ખુલ્લી જમીન આવેલ છે.

ઉપરોકત જણાવેલ જણાવેલ વાદીઓના કાયદેસર હકક અધિકાર આવેલ છે. જે મીલકત નો ગેરકાયદેસર રીતે આ કામના પ્રાતિવાદી વહીવટ કરે છે અને દાવાવાળી મિલકત ત્રાહીત ઈસમને ભાડે રહેવા આપેલ છે અને ભાડાની રકમ આ કામના પ્રતિવાદી લઈ જાય છે જે લેવાનો પ્ર

તિવાદીને કોઈ કાયદેસરનો હકક અધિકાર નથી. આ કામે સરદ દાવાવાળી મિલકની અરસપરસ વહેંચણી થવી જરૂરી છે અને વાદીઓ તથા પ્રતિવાદી વચ્ચે સરખા હિસ્સે વહેંચણી થાય તે બાબતે ઘણીવાર આ કામના પ્ર તિવાદીને જણાવવા છતા તેઓ માથાભારે હોઈ અને કબજો ભોગવટો તેઓએ છીનવી લીધેલ હોઈ અને દાવાવાળી મિલકત ભાડે આપી તેમાંથી ભાડાની આવક પ્રતિવાદી એકલા મેળવતા તેઓની આ મિલકતમાં વાદીઓનો કાયદેસરનો હકક અધિકાર આવેલ હોવા છતા આપવા ખુશી અને તૈયાર ન હોઈ તેઓ વાદી નં. ૧ ના એ તેઓને રજી.એડી.થી નોટીસ આપેલ હતી જેનો પ્ર તિવાદીએ કોઈ જવાબ પણ આપેલ નથી. તેમજ સદર દાવાવાળી મિલકતના પ્ર ોપર્ટી કાર્ડમાં સંયુકત નામ ચાલતા હોઈ તેની અરસ પરસ વહેંચણી કરવા આ દાવો દાખલ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે.

(૨) સદર દાવો વાદીઓ અને પ્રતિવાદી વચ્ચે વારસા હકક બાબતે નડીયાદના મહે. ત્રીજા જોઈન્ટ સીવીલ જજ સાહેબની કોર્ટમાં કો.મુ. નં. ૭૮૮/૧૯૯૩ થી દાખલ કરેલ હતો જેમાં નામદાર કોર્ટ ધ્વારા સદર મીલકત સંયુકત માલીકીની હોવાનું ઠરાવવામાં આવેલ છે જે હકીકત આપ નામ.કોર્ટને જાહેર કરીએ છીએ.

(૩) સદર દાવાવાળી મિલકતમાં વાદીઓ તથા આ કામના પ્રતિવાદીનો સરસો હીસ્સો આવેલ હોઈ તેમ છતાં આ કામના પ્રતિવાદી દાવાવાળી મિલકતનો ગેરકાયદેસર રીતે ઉપયોગ કરી મકાન ભાડે આપી ભાડુ પણ પ્રતિવાદી મેળવતા હોઈ અને તેઓ વાદીઓને દાવાવાળી મિલકતમાં હકકહિસ્સો આવેલ હોવા છતાં હિસ્સો આપતા ના હોઈ વાદી નં. ૧ ના એ પ્રતિવાદીએ નોટીસનો જવાબ આપેલ નથી કે વાદીને હકક હિસ્સો પણ આપેલ ન હોઈ સદર દાવામાં હકક હિસ્સો જુદો

કરવા આ દાવો દાખલ કરવાનું કારણ ઉપસ્થિત થયેલ છે અને સતત ચાલુ છે. જેથી સદર દાવો કરી વાદીએ દાવાવાળી મિલકતમાં તેઓનું હિસ્સો આવેલ છે તેવું ઠરાવી કબજો મેળવવાની દાદ માંગેલ છે અને સદર દાવો મંજુર કરવાની અરજ કરેલ છે.

**પ્રતિવાદી તરફે જવાબ :–**

(૪) હાલના કામે પ્રતિવાદીને આંક–૫ થી સંમન્સ કાઢવામાં આવેલ છે જે સંમન્સ '' પ્રતિવાદી તેનું નામ ખોટુ જણાવતા હોય અસ્વીકાર'' સાથે પરત આવે છે. ત્યારપછી પ્રતિવાદીને નામ.કોર્ટ ધ્વારા ફરીથી સંમન્સ કાઢવામાં આવે છે. જે સંમન્સ '' નોટીસની નકલ લેવાની ના પાડે છે'' તે શેરા સાથે પરત આવે છે. ત્યારપછી પ્રતિવાદી જાતે કે વકિલ મારફતે હાજર રહેલ નથી. ત્યારપછી આંક–૦૯ હેઠળ વાદીની અરજી ઉપર નામ.કોર્ટે અરજી મંજુર કરી સદર સમન્સની બજવણી થઈ ગયેલ હોય તેવું ગણી કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે. ત્યારપછી તા.૨૪/૦૪/૨૦૨૩ ના રોજ પ્રતિવાદી વિરૂધ્ધ દાવો એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**વાદીનો પુરાવો :–**

(૫) વાદી ધ્વારા ઉપરોકત મુજબનો પુરાવો રજુ થયા બાદ પ્રતિવાદી તરફે નીચે મજુબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

**<u>–:: વાદી તરર્ફે રજુ થયેલ મૌખિક પુરાવો :–</u>**

| **ક્રમ** | **પુરાવાની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | વાદી જશભાઈ મંગળભાઈ પટેલનું સોગંદનામું | |

**<u>વાદી ધ્વારા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાની વિગતો</u>**

| ક્રમ | દસ્તાવેજી પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | વાદીનું અસલ પેઢીનામું રજુ | ૧૯ |
| ૨ | વાદીનું સી.ટી. સર્વે નં. ૩૨૧ ના પ્રોપર્ટી કાર્ડની નકલ | ૨૦ |

## (૬) પ્રતિવાદી તરફે પુરાવો :–

સદર કામના પ્રતિવાદીએ કોર્ટ ધ્વારા કાર્ડવામાં આવેલ સમન્સને અસ્વીકાર કરી પરત આવેલ છે તેઓએ નોટીસની નકલ લ ેવાની ના પાડેલ છે જેથી સમન્સ બીન બજે પરત આવેલ છે. સદર શેરો વં ચાણે લઈ આંક–૦૯ હેઠળ પ્રતિવાદીએ સમન્સ અસ્વીકાર કરેલ હોય સમન્સને બજેલ ગણવામાં આવેલ છે અને ત્યારપછી તા.૨૪/૦૪/૨૦૨૩ ના રોજ પ્રતિવાદી વિરૂધ્ધ દાવો એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે. વધુમાં પ્રતિવાદીઓનું ઉલટતપાસ અને પુરાવાનો હકક પણ બંધ પણ કરવામાં આવેલ છે. વધુમાં તેઓની ગેરહાજરીમાં તેઓનો પુરાવાનો હકક પણ બંધ કરવામાં આવે છે.

## (૭) વાદીનો દલીલો :–

વાદીના વિધ્વાન વકિલશ્રી ડી.બી. ભટ્ટ નાઓ ધ્વારા મૌખિક દલીલો કરવમાંઅ ાવેલ છે જે કોર્ટે સાંભળી. વાદીએ તેઓના દાવાઅરજી અને પુરાવા પ્ર માણે દલીલો કરેલ છે જે દલીલો કોર્ટે ધ્યાને લીધી.

## (૮) પ્રતિવાદીનો દલીલો :–

દાવાના સમગ્ર ટ્રાયલ દરમ્યાન પ્રતિવાદી હાજર રહેલ નથી અને તેઓ ધ્વારા કોઈ દલીલો, મૌખિક કે લેખીત, રજુ કરવામાં આવેલ નથી. જેથી તેઓનું દલીલોનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૯) સદર દાવાના નિર્ણય અર્થે કાઢવામાં આવેલ આંક–૧૧ હેઠળ મુદ્દાઓ નીચે મુજબ છે.

-// ISSUES //-

(1) Whether Plaintiff proves that the suit property is joint in nature and that both Plaintiff and the Defendant are having right Over the suit property **?**

(2) Whether Plaintiff proves that Defendant has illegally let out the property on rent and that the plaintiff is equally entitled over the income from rent **?**

(3) Whether the Plaintiff is entitled for relief as claimed for **?**

(4) What order & decree **?**

(૧૦) ઉપરોકત દાવાના ન્યાય નિર્ણય અંગે કાઢવામાં આવેલ મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં ......

(૨) નકારમાં.........

(૩) હકારમાં........

(૪) આખરી હુકમ મુજબ ........

**<u>–:: કારણો ::–</u>**

**<u>મુદ્દા નં. ૧ અને ૩ ની ચર્ચા</u>**

દાવાાના કામે કાઢવામાં આવેલ મુદ્દા નં. ૧ અને ૩ ની એકબીજા સાથે સંકળાયેલા હોઈ પુરાવાનું વારંવાર પુનરાવર્તન ન થાય તે હેતુંથી મુદ્દા નં. ૧ તથા ૩ ની એકસાથે ચર્ચા કરવામાં આવેલ છે.

**(૧૧)** આ કામે ઘડવામાં આવેલ મુદ્દાઓ અન્વયે પુરાવાની ચર્ચા અને મુલ્યાકન કરતા પહેલા પુરાવાના મુલ્યાંકનના સિધ્ધાંતો ઘ્યાને લેતા જે હકીકત પ્લીડીંગ એટલે કે દાવા અરજી અને દાવા જવાબમાં દર્ષાવેળ ન હોય તે હકીકતનો પુરાવો ઘ્યાને લઈ શકાય નહી. ભારતીય પુરાવાની જોગવાઈ તથા સિવીલ પ્રોસીજર કોડની જોગવાઈ ઘ્યાને લેતા વાદી કે પ્રતિવાદીએ જે હકીકત પોતાની દાવા અરજી કે જવાબમાં દર્શાવેલ ન હોય તે અંગેનો પુરાવો આવે તો પણ પ્લીડીંગમાં તેનો આધાર ના હોય તે હકીકત પર આધાર રાખી શકાય નહીં.

ભારતીય પુરાવા અધિનીયમ કલમ–૧૦૧ માં સાબીતીના બોજા અં ગે જોગવાઈ કરવામાં આવેલ છે જે વંચાણે લેતા તે નીચે મુજબ છે.

કલમ–૧૦૧ :– કોઈ પણ વ્યકિત ઈચ્છતી હોય કે પોતે પ્રતિપાદન કરે છે તે હકીકતોના અસ્તિત્વના આધાર પરથી કોઈ અદાલત કોઈ કાનુની અધિકાર અથવા જવાબદારી અંગે ચુકાદો આપે તેને તેજ હકીકત અસ્તિત્વમાં છે તેમ સાબિત કરવું પડે. જયારે કોઈ હકીકતનો સાબિત કરવા એક વ્યકિત બં ધાયેલી હોય ત્યારે એમ કહેવાય કે તે વ્યકિત પર સાબિતીનો બોજો છે.

ઉપરોકત કલમ વંચાણે લેતા વાંદીના દાવાની કોઈ બાબતો અંગે જયારે પ્ર તિવાદી વિરૂઘ્ધ કબુલ કર્યા હોય તેવી બાબતે વાદી દ્વારા સકારાત્મક રીતે પુરવાર કરવી પડે. હાલના દાવામાં વાદીએ તેઓનો પુરાવો રજુ કરેલ છે પરંતુ પ્રતિવાદીએ તેની નાસાબિત કરેલ નથી.

**(૧૨)** હાલના દાવામાં મુદ્દાઓ સાબિત કરવાનો બોજો વાદી ઉપર કરાવવામાં આવેલ છે અને વાદીએ સદર બોજો વહન કરવા માટે ઓર્ડર–૧૮ રૂલ–૪ મુજબની પોતાની સોગંદ મુજબની સરતપાસ આંક–૧૨ થી રજુ કરેલ છે અને તેના સમર્થનમાં દસ્તાવેજી પુરાવો પણ રજુ કરેલ છે. વાદી પોતાની સરતપાસમાં મહંદ

અંશે જણાવે છે કે, વાદી અને આ કામના પ્રતિવાદી વચ્ચે સૌતેલાભાઈ બહેનના સંબંધો છે. વાદીના પિતા મંગળભાઈ શનાભાઈ પટેલના પહેલા લગ્ન શાંતાબેન સાથે થયેલ હતા. જેઓને સંતાનમાં હાલના વાદીઓ કૈલાસબેન, રમીલાબેન અને જશભાઈ હતા. તેઓ વધુમાં જણાવે છે કે, વાદીની માતૃશ્રીની હયાતીમાં તેઓના પિતાએ સવિતાબેન નામની યુવતી સાથે ગેરકાયદેસર રીતે લગ્ન કરેલ જેઓને તેઓના પિતાથી કોઈ સંતાન નથી. પરંતુ તેઓના અગાઉના લગ્ન જીવનથી કૈસાલબેન છોટાલાલ રાજપુત એટલે કે, આ કામના પ્ર તિવાદી હતા. જેથી આ કામાના પ્રતિવાદી પિતાના સીધી લીટીના કાયદેસરના વારસદાર નથી.  પરંતુ વાદી ધ્વારા રજુ કરવામાં આવેલ આંક–૧૯ વાળા પેઢ ીનામામાં પટેલ મંગળભાઈ શનાભાઈના હયાત વારસોદારો તરીકે (૧) કૈલાસબેન , (૨) જશભાઈ, (૩) રમીલાબેન અને (૪) સવિતાબેનની પુત્રી કૈલાસબેન નું નામ દર્શાવેલ છે વધુમાં આંક–૨૦ થી રજુ થયેલ મિલકત કાર્ડમાં પણ ઉપરોકત જણાવેલ વારસોનું નામ ધારણ કરર્તા તરીકે દર્શાવેલા છે. જેથી તેવું સાબિત થાય છે કે, પટેલ મંગળભાઈ શનાભાઈના મૈયત પછી અને તેઓની પત્નિઓ શાં ન્તાબેન અને સવિતાબેનના અવસાન પછી હાલના વાદીઓ અને પ્રતિવાદી મં ગળભાઈના સિધીલીટીના વારસો છે.

વાદીના પિતાની મોજે ગામ નડીયાદમાં સીટી સર્વે નં. ૩૨૧ જેનું કુલ ક્ષેત્રફળ ૧૨૭.૭૮ ચો.મી. વાળી મીલકતમાં મકાન બનાવેલ છે જે શીટ્રીન સ્ટ્રીટ મેથોડીસ્ટ ચર્ચની પાછળ મીશન રોડ પર આવેલ છે. જેના સીટી સર્વે ના પ્રપોર્ટી કાર્ડને આંક–૨૦ થી રજુ કરે છે. વાદીની દાવા અરજી, પુરાવા સોગંદનામા અને રજુ થયેલ અન્ય લેખીત પુરાવો ઘ્યાને લેતા તેવું ફલીત થાય છે કે, વાદી અને પ્રતિવાદી બંનેનો કાયદેસરનો હકક અધિકાર આવેલ છે જે મીલકતનો ગેરકાયદેસર રીતે આ કામના પ્રતિવાદી વહીવટ કરે છે અને દાવાવાળી મિલકત

ત્રાહીત ઈસમને ભાડે રહેવા આપેલ છે અને ભાડાની રકમ આ કામના પ્રતિવાદી લઈ જાય છે જે સંપુર્ણ ભાડુ લેવાનો પ્રતિવાદીને કોઈ કાયદેસરનો હકક અધિકાર નથી. આ કામે સદર દાવાવાળી મિલકતની અરસપરસ વહેંચણી થવી જરૂરી જણાય આવે છે. પ્રતિવાદીએ દાવાવાળી મિલકત ભાડે આપી તેમાંથી ભાડાની આવક પ્રતિવાદી એકલા મેળવતા તેઓની આ મીલકતમાં વાદીઓના કાયદેસરનો હકક અધિકાર આવેલ હોવા છતાં આપવા ખુશી અને તૈયાર નથી. જેથી વાદીએ તેઓને રજી.એડી.થી નોટીસ આપેલ હતી જેનો પ્રતિવાદીએ કોઈ જવાબ પણ આપેલ નથી. વાદીએ વધુમાં જણાવેલ છે કે, તેઓ અને પ્રતિવાદી વચ્ચે વારસા હકક બાબતે નડીયાદના મહે. ત્રીજા જોઈન્ટ સીવીલ જજ સાહેબની કોર્ટમાં કો.મું. નં. ૭૮૮/૧૯૯૩ થી દાખલ કરેલ હતો જેમા નામદાર કોર્ટ ધ્વારા સદર મીકલત સંયુકત માલીકીની હોવાનું ઠરાવવામાં આવેલ છે પરંતુ તે લગત કોઈ લેખીત પુરાવો આ કોર્ટ સમક્ષ વાદી ધ્વારા રજુ કરવામાં આવેલ નથી.

(૧૩) વાદી ધ્વારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજોને ધ્યાને લેવામાં આવે તો વાદી ધ્વારા આંક–૨૦ થી દાવાવાળી મિલકતનો મિલકત કાર્ડ રજુ કરવામાં આવેલ છે. જે જોતા તેમાં ધારણ કરતાં ના નામ શાંતાબેન મંગળભાઈ, જશભાઈ મંગળભાઈ, કૈલાસભાઈ મંગળભાઈ, રમીલાબેન મંગળભાઈ, સવિતાબેન છોટાલાલ, કૈલાસબેન છોટાલાલનું નામ દર્શાવેલ છે. જેથી, સદર મિલકત વાદિઓના પિતાના ગુજરી ગયા પછી વાદી તે મિલકતમાં હકક ધરાવનાર બનેલ છે તેવું ફલીત થાય છે. વધુમાં, જયારે આંક–૧૯ થી રજુ થયેલ દસ્તાવેજ કે જે મંગળભાઈ શનાભાઈના પેઢીનામું છે, તે જોતા હાલના વાદી અને પ્રતિવાદી ગુજરનાર મંગળભાઈ શનાભાઈ પટેલના કાયદેસરના વારસો છે તેવું સ્પષ્ટ

રીતે પુરવાર થાય છે. જેથી વાદીઓને સદર મિલકતના હિસ્સેદાર ગણી શકાય અને સદર મિલકત તેઓને વારસાઈથી મળેલ છે. તેવું પણ આ કોર્ટનું માનવું છે. વધુમાં, હાલના કામમાં પ્રતિવાદી ધ્વાર કોઈ જવાબ કે પુરાવો રજુ કરવામાં આવેલ નથી કે વાદી ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાનું ખંડન કરવામાં આવેલ નથી જેથી મુદ્દા નં. ૧ અને ૩ વાદી ધ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક અને લેખીત પુરાવાના આધારે સાબિત થયેલ હોય તેવું માની મુદ્દા નં. ૧ અને ૩ નો જવાબ ''**હકારમાં**'' આપવામાં આવે છે.

**(૧૪) મુદ્દા નં. ૨**

મુદ્દા નં. ૨ પરત્વે વાદી ધ્વારા રજુ કરવામાં આવેલ સમગ્ર મૌખિક અને લ ેખિત પુરાવો ધ્યાને લેવામાં આવે તો પ્રતિવાદીએ દાવાવાળી મિલકતને ગેરકાયદેસર રીતે ભાડાપેટે આપેલ હોય કે, તેમાંથી પ્રતિવાદીને કોઈ આવક થતી હોય તે લગત કોઈ પુરાવો વાદીએ રજુ કરેલ નથી. જેથી પ્ર તિવાદીને સદર મિલકતમાંથી કોઈ આવક થાય છે કે કેમ અને સદર મિલકત ગેરકાયદેસર રીતે ભાડા પેટે આપવામાં આવેલ છે કે કેમ, તે પુરાવાર કરવામાં વાદી નિષ્ફળ રહેલ છે. વધુમાં, પ્રતિવાદીએ કઈ વ્યકિતને મિલકત ભાડે આપેલ છે, કેટલા સમયથી આપેલ છે અને શું ભાડુ મેળવે છે તે હકીકત પણ રેકર્ડ ઉપર આવતી નથી. જેથી મુદ્દા નં. ૨ નો જવાબ ''**નકારમાં** '' આપવામાં આવે છે.

**(૧૫)** ઉપર જણાવેલ તારણો, વાદીના પુરાવા, પ્રતિવાદી ધ્વારા હાલના દાવાના તથ્યોનું ખંડન કરવામાં આવેલ ન હોય અને વાદીની સમગ્ર દલીલો ધ્યાને લેતા આ કામે દાવાવાળી મિલકતમાં વાદીઓનું ૧/૪ લેખે હકક હિસ્સો રહેલ હોય તેવા સંજોગોમાં વાદીએ તેમની દાવાવાળી અરજીમાં માંગ્યા મુજબની દાદ મળવા

પાત્ર રહેલ છે. જેથી, મુદ્દાઓનો જવાબ અશત: હકારમાં હોય મુદ્દા નં. ૪ નો જવાબ માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

**૧.** વાદીનો દાવો અંશત: મંજુર કરવામાં આવે છે.

**૨.** આથી જાહેર કરવામાં આવે છે કે, વાદીના પિતાની મોજે ગામ નડીયાદમાં સીટી સર્વે નં. ૩૨૧ જેનું કુલ ક્ષેત્રફળ ૧૨૭.૭૮ ચો.મી. વાળી મલિકતમાં મકાન બનાવેલ છે વાદીઓનું દાવાવાળી મિલકતમાં ૧/૪ હકક હિસ્સો રહેલો છે એન તે મુજબ વાદીનો લેખે વાદીઓને ૧/૪ હિસ્સો મળવાપાત્ર થતો હોઈ તે મુજબ પક્ષકારોના હિસ્સાની હદથી છુટી પાડી વાદીનો હકક હિસ્સો વાદીના સ્વતંત્ર કબજામાં સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** હુકમ મુજબ પ્રાથમિક હુકમનામું દોરવું.

**૪.** પ્રાથમિક હુકમનામાની એક નલક કલેકટરશ્રી ખેડાનાઓને દાવાવાળી મિલકતની હદથી અલગ કરવા અને આગળની જરૂરી કાર્યવાહી કરવા મોકલી આપવી.

**૫.** કલેકટરશ્રી, ખેડા નાઓએ ઉપર મુજબ દાવાવાળી મિલકતના ત્રણ મહિનાની અંદર ભાગ પાડી આ અદાલતને રીપોર્ટ મોકલી આપવો.

**૬.** કેસના સંજોગો જોતા દાવાનો ખર્ચ પ્રતિવાદીએ ભોગવવું

હુકમ આજરોજ તા. ૧૩ મી, માહે, જુન સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાં ચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩.૦૬.૨૦૨૪.
સ્થળ:– નડીઆદ

**(સુ.શ્રી પ્રીતિ સાગર)**
**ત્રીજા અધિક સિવીલ જજ,**
**નડીયાદ.**
**JUDGE CODE : GJ01674**